# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષ :૧૭ અંક :૩ ૧૫-૧૧-૨૦૦૬ સળંગ અંક :૧૯૪



સંપાદકો

**પરમ પાઠક + મદન મોહન શર્મા + નિરંજન પટેલ + સોનલદે દેસાઈ + ઉજ્જવલ ત્રિવેદી + મનીષ સોલંકી**


## Editorial

### W(h)ither Teacherhood?

The last two centuries have witnessed revolutionary displacements taking place in various spheres of human activities. One can even say that in these two centuries major fundamental positions were decentred and pushed to periphery. Nietzsche decentred God with his (in)famous proclamation: "God is dead". The death of king was also proclaimed as monarchy was displaced by alternative systems of governance such as democracy. Karl Marx attempted the death of class through communism. Similarly man is decentred by woman under the impact of feminism. The tremors of these displacements can still be experienced in our present 21st century. This century could be considered as the pinnacle of anti-foundational thinking which attacks and questions various unexamined conventional positions that have hitherto enjoyed the supreme status in human history.

One such position is that of the teacher who is posited at the centre of academic enterprise. Even our Indian concept celebrates the centrality of teacher in educational sphere in hymns such as *"Guru Brahma, Guru Vishnu…"* But this notion of teacher seems to be endangered in this era of globalisation with the revolutionary invasion of information technology and media in all spheres of human life. Especially this invasion is perceived as a death-blow to the status of a teacher in academics. The efficacy of a teacher has come under a close scrutiny with the arrival of computer (internet) assisted learning, on-line teaching, e-classroom and distant education. The internet has questioned the desirability of a teacher and the conventional classroom by bringing the whole world at one's finger tips. In such circumstances, the sincere academicians and educationists are left perturbed with pertinent questions: Whether the teacher would be displaced/eliminated/annihilated once and for all by these technological advancements? How should a teacher deal with these fresh challenges in order to save oneself and the classroom from extinction?

The time has arrived when these questions can no longer be ignored by the teacher who is facing the threat of total eclipse by these massive upheavals. One cannot dismiss the gravity of this situation by resorting to the regressive traditionalism and restrictive parochialism because that would be sheer escapism on the part of the teacher. Today's teacher has to pick up these challenges and equip oneself accordingly. His guiding motto should be: "Get Equipped or Get Eclipsed". In this changed scenario, the teacher is expected to evolve constantly and continually. He should not disdain this technological sophistication in education as encroachment upon his esteemed territory. On the contrary, he should be eager to adapt himself to these new tools, approaches and methodologies of imparting education.

In this age of market-driven society, the major emphasis is on the word 'friendly': consumer-friendly, user-friendly, eco-friendly. Similarly, the teacher is expected to be learner-friendly in order to cater to the needs of the students. If he fails to do so by keeping pace with these advancements, an unbridgeable gulf would be created between the teacher and students which would cause a greater loss to the status of the teacher. Blaming the young generation as wayward under the influence of westernisation won't offer any solution because this can only be done at the cost of cloistering oneself in one's own fortress. A true teacher would never be ready to adopt such a self-damaging attitude. Let us face these new challenges as herein lies the key to evolution. This way we can justify our existence as teacher and avoid the threat of our elimination at the hands of advanced technology. When our Indian society is aspiring to become the knowledge-society, the teacher is called in for his active contribution by being techno-savvy, computer-literate and learner-friendly. Let us try to fulfill these expectations with utmost sincerity by aiming at teacherhood instead of teachership. Wishing a happy evolving teacherhood to all at the dawn of the New Year.

**- Manish Solanki**

## Colleges in News

દિલ્હી મુકામે તા. ૧૫મી સપ્ટેમ્બર ૨૦૦૬ દરમિયાન થલસેના કેમ્પની રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા યોજાઇ હતી. આ સ્પર્ધામાં સમગ્ર ગુજરાતમાંથી ૫૦૦૦ એન.સી.સી. કેડેટ્સે ભાગ લીધો હતો. શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**માંથી ૩૩ ભાઇઓની અને ૩૩ બહેનોની ટીમે ભાગ લીધો હતો. આમાંથી કુલ પાંચ કેડેટ્સની પસંદગી થઇ હતી. પસંદગી પામેલા કેડેટ્સ છે : ગોર વૈભવ (ટી.વાય.બી.કોમ), યાદવ પ્રવીણ (એસ.વાય.બી.કોમ), સિંધા ભરત (એસ.વાય.બી.કોમ), પઢીયાર હિરલ (ટી.વાય.બી.કોમ) તથા નાયક આકાશ (એસ.વાય.બી.કોમ) તથા બહેનોની ટીમમાં પટેલ ક્રિશ્ના (ટી.વાય.બી.કોમ) અભિનંદન !!!

આ જ કોલેજ ખાતે નૈનિતાલ મુકામે તા. ૧૫-૯-૨૦૦૬થી તા. ૨૮-૯-૨૦૦૬ દરમિયાન યોજાયેલા ટ્રેકીંગ કેમ્પમાં આણંદ કોમર્સ કોલેજનાં ત્રણ એન.સી.સી. કેડેટ્સ પટેલ હિરલ (એસ.વાય.બી.કોમ), પટેલ કાર્તિક (ટી.વાય.બી.કોમ) તથા પરમાર ચિંતન (એસ.વાય.બી.કોમ) ભાગ લીધો હતો.

આ જ કોલેજ ખાતે ચર્ચાસભા વિભાગ દ્વારા ફોરમ ઑફ ફ્રિ એન્ટરપ્રાઇઝના ઉપક્રમે એ.ડી. શ્રોફ મેમોરીયલ વકતૃત્વ સ્પર્ધા તા. ૧૯-૯-૨૦૦૬ના રોજ યોજવામાં આવી. જેમાં ૨૨ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ ઇનામ અર્પિતા પટેલ (એસ.વાય.બી.બી.એ), દ્વિતીય ઇનામ હાર્દિક ભટ્ટ (ટી.વાય. બી.કોમ) અને તૃતીય ઇનામ આરતી ડોડેજા તથા રજની તેજવાની (સંયુક્ત) જીતી ગયા હતા. પ્રમુખપદ સિનિયર અધ્યાપક શ્રી એ. આર. મહિડાએ શોભાવ્યું હતું. યુ.એસ.એ.થી હાલ આવેલ ડૉ. આર. એમ. પટેલ અતિથિવિશેષ હતા. જેમણે આપત્તિનું સંચાલન અમેરિકામાં અને ભારતમાં કેવી રીતે થાય છે તેની છણાવટ કરી હતી. પ્રો. એ. આર. મહિડાએ આપત્તિ સંચાલન, ઉચ્ચ શિક્ષણ સામેના પડકારો અને શહેરીકરણ સામેની સમસ્યાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે આણંદ એજ્યુકેશન કોલેજના ડૉ. બૉરૈયા અને ડૉ. પીનાકિન યાજ્ઞિક તથા આણંદ કોમર્સના પ્રો. વનારે સેવાઓ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. આર. પી. પટેલે કર્યું હતું.

આ જ કોલેજમાં એન. એસ. એસ.ના ઉપક્રમે એક દિવસીય શિબિર તાજેતરમાં યોજાઇ ગયો. આ શિબિરમાં કોલેજનાં એન.એસ.એસ. યુનિટના ૮૫ વિદ્યાર્થી ભાઇ-બહેનોએ ભાગ લીધો હતો. કોલેજ કેમ્પસની સાફ સફાઇ, વર્ગ ખંડોમાં-પાટલીઓની સફાઇ ઝુંબેશ આદરી હતી. શિબિરનાં અંતે એક મિટીંગ યોજાઇ જેમાં શિબિરનાં પ્રતિભાવો વિદ્યાર્થીઓએ આપ્યા હતાં. સમગ્ર શિબિરનું સંચાલન ઇન્ચાર્જ પ્રો. ટી. એન. ચૌધરી અને પ્રો. કે.વી. સોલંકીએ કર્યું હતું.

આ જ કોલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા એફ.વાય., એસ.વાય., ટી.વાય.બી.કોમ/બી.બી.એ.નાં વિદ્યાર્થીઓનો થેલેસેમિયા ટેસ્ટ ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, અમદાવાદ તેમજ ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, આણંદના સહયોગથી ત્રણ દિવસ દરમ્યાન શિબિર યોજાઇ ગયો. જેમાં કોલેજનાં લગભગ ૧૪૦૦ જેટલાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ ઇન્સ્ટીટ્યુટ ઑફ સોશ્યલ વર્ક**ના એમ. એસ. ડબલ્યુના ત્રીજા સેમેસ્ટરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં કચ્છ-ભૂજ ખાતે શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. વર્ષ ૨૦૦૧માં આવેલ ભયાનક ભૂકંપની તારાજી બાદ આ વિસ્તારમાં થયેલ વિકાસનું તાદશ્ય ચિત્રણ મેળવવાના હેતુસર આયોજિત આ પ્રવાસ દરમ્યાન વિદ્યાર્થીઓએ કચ્છ મહિલા વિકાસ સંગઠન, પ્રયાસ, એસ.ઓ.એસ., ચિલ્ડ્રન વિલેજ, નવજીવન નેચર ક્યોર, વાસ્મો, ઉન્નતિ જેવી સ્વૈચ્છિક સંસ્થાઓની મુલાકાત લીધી હતી. જેના દ્વારા વિદ્યાર્થીઓએ આરોગ્ય, ગ્રામ્ય વિકાસ, સ્ત્રી-બાળ વિકાસ, આપત્તિ નિવારણ તેમજ સમાજ સુધારણા તથા માનવ અધિકારો અંગે વિસ્તૃત જાણકારી મેળવી હતી.

આ સાથે કચ્છ સ્પેશ્યલ ઇકોનોમીક ઝોન (SEZ)નો દરજ્જો અપાવનાર ઔદ્યોગિક વિકાસના જુદા જુદા એકમોનો અભ્યાસ પણ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યો હતો. જેમાં કંડલા પોર્ટ, ઇફકો તથા એમ.આઇ.સી.ટીનો સમાવેશ થાય છે.

આ દસ દિવસીય શૈક્ષણિક પ્રવાસમાં કુલ ૩૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ જ કોલેજ દ્વારા પેટલાદ તાલુકાના અંતરિયાળ પૂરગ્રસ્ત બામરોલી ગામ ખાતે આણંદ હોમિયોપેથિક હોસ્પિટલના સહયોગથી દ્વિ-દિવસીય મફત આરોગ્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું એ સાથે ગામની પ્રાથમિક શાળાની તંદુરસ્તી હરિફાઇ પણ યોજી હતી. આ શિબિરનો લાભ કુલ ૩૪૭ પુરૂષો, સ્ત્રીઓ તથા બાળકોએ મેળવ્યો હતો.

આ સાથે તા. ૨૩-૯-૨૦૦૬ના શનિવારના રોજ ગામની પ્રાથમિક શાળામાં ‘‘બાળ તંદુરસ્તી સ્પર્ધા’’નું આયોજન થયું જેમાં ૧થી ૧૫ વર્ષના કુલ ૧૨૨ બાળકોની તંદુરસ્તીની ચકાસણી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન જે બાળકોની તંદુરસ્તી સૌથી ઉત્તમ સાબિત થઇ તેઓને જુદા-જુદા વય-જૂથમાં વહેંચી ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન આણંદ ઇન્સ્ટીટ્યુટ ઑફ સોશ્યલ વર્કના માનદ્‌વડા પ્રો. એસ. આર. અગ્રવાલ તથા આણંદ હોમિયોપેથિક હોસ્પિટલના ડૉ. અંશુલ શાહના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયું હતું. આ કાર્યક્રમમાં ગામના ડેરીના ચેરમેનશ્રી પરબતભાઇ તથા પ્રાથમિક શાળાના આચાર્યશ્રી ઇશ્વરભાઇ તેમજ અન્ય ગ્રામજનોએ જરૂરી સહકાર આપ્યો હતો.

આ જ કોલેજના એન.એસ.એસ. યુનિટના ઉપક્રમે આણંદના જાણીતા અગ્રણી ડૉ. જનકભાઇ પટેલ દ્વારા બી.એસ.ડબલ્યુ.,

એમ.એસ.ડબલ્યુ. તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ માટે પ્રાથમિક સારવાર તથા આરોગ્યલક્ષી વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ છ દિવસીય વ્યાખ્યાનમાળામાં ડૉ. જનકભાઇ પટેલે વિદ્યાર્થીઓને અનેકવિધ વિષયો ઉપર તેમની રસપ્રદ શૈલીમાં જ્ઞાન પુરું પાડ્યું હતું. પ્રથમ દિવસે આપત્તિજનક સમયમાં વ્યક્તિની સુરક્ષા તથા પ્રાથમિક સારવાર કેવી રીતે કરવી તે જણાવ્યું હતું. દ્વિતીય દિવસે તેમણે રતાંધળાપણું જેવા કુપોષણથી થતાં રોગો વિશે માહિતી આપી હતી.

આ વ્યાખ્યાન શ્રેણીના ત્રીજા દિવસે ડૉ. જનક પટેલ દ્વારા આજના યાંત્રિક યુગની સાથે જોડાયેલા કેટલાક રોગો જેવા કે મધુપ્રમેહ, હૃદય રોગ, દમ, ગેસ્ટ્રોઇન્સઇટીસ, કેન્સર વિશે ઊંડાણપૂર્વક છણાવટ કરી હતી.

આ વ્યાખ્યાનમાળાના છેલ્લા ત્રણ દિવસો દરમિયાન તેમણે ઝેરી રોગો તથા આફતો બાદ થતાં વિવિધ ચેપી-બીનચેપી રોગો વિશે વિદ્યાર્થીઓને પ્રશિક્ષણ આપ્યું. તેમણે જંતુઓ તથા પ્રાણીઓના કરડવાને લીધે થતી ઝેરી અસરો વિશે પણ વિદ્યાર્થીઓને જ્ઞાત કર્યા હતા.

આ જ કોલેજ ખાતે ટી.વાય.બી.એસ.ડબલ્યુ.ના વિદ્યાર્થીઓ માટે ‘એચ.આઇ.વી./એઇડ્સનો પૂરઝડપે ફેલાવો’ વિષય અંતર્ગત જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઇન્ડિયન રેડ ક્રોસ, આણંદના જીગરભાઇ પટેલે એચ.આઇ.વી./ એઇડ્સનો અર્થ, તેનું ઉત્પત્તિસ્થાન, ફેલાવો, તેની ભયાનકતા, તેના કારણો વગેરેનું તલસ્પર્શી જ્ઞાન પુરુ પાડ્યું હતું. વધુમાં તેઓશ્રીએ આ રોગથી પીડિત દરેક વ્યક્તિ પ્રત્યે સમાજ સંવેદનશીલતા કેળવી તેમના માનવીય હકોનું રક્ષણ કરે તે માટે આગળ આવી રાહબર બનવા આહ્વાન આપ્યું હતું.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ આર્ટ્સ કોલેજ** ખાતે તા. તાજેતરમાં અવસાન પામેલા ગુજરાતી સાહિત્યના સુપ્રસિદ્ધ કવિ રમેશ પારેખને શ્રદ્ધાંજલિ અર્પતો એક કાર્યક્રમ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ આર્ટ્સ કોલેજના ગુજરાતી વિભાગના ઉપક્રમે તા. ૨૦-૯-૨૦૦૬ના રોજ ભાઇકાકા હોલમાં યોજાઇ ગયો. કેમ્પસના માનદ્‌મંત્રી શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને હતા. શ્રી રિષભ મહેતા અને શ્રીમતી ગાયત્રીબેન મહેતાએ સુમધુર કંઠે રમેશ પારેખનાં ગીત-ગઝલો-કાવ્યોને એકધારા બે કલાક સુધી ગાઇને પ્રેક્ષકોને કાવ્યમુગ્ધ કર્યા હતા.

સ્વરાંજલિ કાર્યક્રમનું સંચાલન શ્રી વિનોદ ગાંધીએ કર્યું હતું. કાર્યક્રમના મધ્યે ડૉ. જયેન્દ્ર શેખડીવાલા દ્વારા તૈયાર થયેલી સ્વ. રમેશ પારેખ પરની ડોક્યુમેન્ટરી ફિલ્મ પણ પ્રેક્ષકોને દર્શાવવામાં આવી હતી.

➢ ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત **શ્રી આઇ. જે. પટેલ બી.એડ્. કોલેજ, મોગરી**માં તાજેતરમાં સર્વધર્મ મેળાનું આયોજન કરવામાં આવ્યું. સદર મેળામાં લોકોને વિવિધ ધર્મના ઉદ્‌ભવ, વિકાસ, ધાર્મિક સ્થળો, ધાર્મિક સાહિત્ય, ધાર્મિક પૂજા-વિધિ, પ્રસાદ, જે તે ધર્મના સાધુ-સંતો તેમજ ધાર્મિક મૂલ્યો અને ધર્મ સંદેશની ઊંડી સમજ આપવા માટે વિવિધ ચિત્રો, ચાર્ટ્સ, નમૂના, લેખિત સામગ્રી તેમજ વેશભૂષા દ્વારા વિવિધ ધર્મોની ‘‘માનવધર્મ એ જ પરમધર્મ’’ની આગવી અભિવ્યક્તિને લોકો સમક્ષ પ્રદર્શિત કરી હતી.

સદર મેળાની થામણા, પેટલાદ, મોગરી, વિદ્યાનગર, આણંદના પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, સ્નાતક અને અનુસ્નાતક કોલેજો, બી.એડ્. કોલેજો તથા પી.ટી.સી. કોલેજોના શિક્ષકગણ તેમજ વિદ્યાર્થીઓએ રસપૂર્વક નિહાળી દરેક ધર્મનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ**ના રાષ્ટ્રીય સેવા યોજના વિભાગના ઉપક્રમે તાજેતરમાં કોલેજ કેમ્પસમાં વન-ડે કેમ્પનું આયોજન પ્રિન્સિપાલ શ્રી એ.ડી. શાહના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓમાં શ્રમ પ્રત્યે લગાવ રહે તથા જીવનમાં સ્વચ્છતાનું મહત્ત્વ સમજાય તે માટે શ્રમદાન, કેમ્પસ સફાઇ, વૃક્ષારોપણ વગેરે કાર્યક્રમ યોજવામાં આવ્યા. સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મંત્રીશ્રી ભીખુભાઇ પટેલે ખાસ ઉપસ્થિત રહી સ્વયંસેવકોને પ્રોત્સાહિત કર્યા. કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રોગ્રામ ઓફિસર પ્રા. શ્રી ગોપાલભાઇ શાહે મહત્ત્વની ભૂમિકા અદા કરી હતી.

આ જ કોલેજના રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે વિદ્યાનગરની બી.જે.વી.એમ. કોલેજના પૂર્વ આચાર્ય શ્રી શનુભાઇ પટેલનું ‘જીવનમાં સફળતા કઇ રીતે પ્રાપ્ત કરવી’ તે વિષય ઉપર વ્યાખ્યાન યોજવામાં આવ્યું.

પ્રિ. એ.ડી. શાહે સ્વાગત પ્રવચન કરી મુખ્ય મહેમાનનો પરિચય આપ્યો. કાર્યક્રમનું સંચાલન પ્રોગ્રામ ઓફિસર પ્રા. ગોપાલભાઇ શાહે કર્યું હતું.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન** દ્વારા વિદ્યાર્થીના સર્વાંગી વિકાસના હેતુસર ત્રણ દિવસના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ દ્વારકા, બેટદ્વારકા, હર્ષદમાતા, પોરબંદર, સોમનાથ, જૂનાગઢ, ગિરનાર, વિરપુર, ગોંડલ, ચોટીલા, સાયલા જેવાં રમણીય સ્થળોની મુલાકાત લીધી હતી.

આ પ્રવાસમાં કોલેજનો સ્ટાફ પણ જોડાયો હતો. પ્રવાસ ઇન્ચાર્જ પ્રા. જયકર એસ. મેકવાને પ્રવાસની સર્વ વ્યવસ્થા સંભાળી હતી.

આ જ કોલેજ ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકર અધ્યયન એકમ પ્રકલ્પ (ચેર)ના ઉપક્રમે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગ અને કોલેજ વિભાગના વિદ્યાર્થીઓ માટે કરવામાં આવ્યું હતું. આ વકતૃત્વ સ્પર્ધાનો વિષય ‘‘અનામત માટે પછાતપણાનાં માપદંડો’’ હતો. આ સ્પર્ધામાં એન. એચ. પટેલ કોલેજના ત્રણ વિદ્યાર્થીઓ પ્રથમ ક્રમે, દેવાંગ ભટ્ટ પ્રેમશંકર, દ્વિતીય ક્રમે સોલંકી નિશા ટી. તથા તૃતીય ક્રમે રોહિત કમલેશ

ડી. આવ્યા હતા. આ વક્તૃત્વ સ્પર્ધામાં એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશનના આ ત્રણેય વિદ્યાર્થીઓએ અગ્રેસર રહી હેટ્રીક સિદ્ધિ હાંસલ કરી હતી.

આ જ કોલેજ ખાતે ડૉ. શ્રીમતી પ્રફુલ્લાબેન સી. અમીનના માર્ગદર્શન હેઠળ શૈક્ષણિક માનસશાસ્ત્ર વિષયમાં માનવવિકાસ, વૃદ્ધિ અને વિકાસની સંકલ્પના, તફાવત અને વિકાસની લાક્ષણિકતાઓ અંગે કોલેજના તાલીમાર્થી પ્રજેશ પંડ્યા અને હિતેન સોલંકી દ્વારા પેનલ ચર્ચાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રજેશ પંડ્યા દ્વારા વૃદ્ધિ અને વિકાસની સંકલ્પના અને લાક્ષણિકતાઓ અને હિતેન પંડ્યા દ્વારા વૃદ્ધિ અને વિકાસ વચ્ચેનો ભેદ ચર્ચવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધામેચા સમીરે કર્યું હતું.

આ જ કોલેજ ખાતે જેસીરેટ વીંગ ઑફ જેસીઆઇ, મિલ્કસીટી-આણંદ દ્વારા આયોજિત બેસ્ટ બ્રાઇડ કોમ્પીટીશનમાં એન. એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશનની ૧૧ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કોલેજની કુ. ઋતા પટેલ ૫૪ વિદ્યાર્થિનીઓમાંથી પ્રથમ ક્રમે આવી હતી તથા પ્રથમ આશ્વાસન ઇનામ ભાવના ડાભીને પ્રાપ્ત થયું હતું.

➢ બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત **સરદાર પટેલ કોમર્સ-આર્ટ્સ કોલેજ**ના પ્રથમ વર્ષ બી.બી.એ.ના વિદ્યાર્થીઓએ વિઠ્ઠલ ઉદ્યોગનગર સ્થિત પ્રયાસ કાસ્ટીંગ (ઇન્ડિયા) અને વી.વી. એન્ડ મેન્યુફેક્ચરીંગ (ઇન્ડિયા)ની ઔદ્યોગિક મુલાકાત લીધી હતી.

ઔદ્યોગિક મુલાકાતનું આયોજન અને માર્ગદર્શન પ્રા. મનીષાબેન ભટ્ટ અને પ્રા. ગૌરાંગ બારોટે કર્યું હતું.

આ જ કોલેજ ખાતે ગુજરાતી વિભાગના ઉપક્રમે તાજેતરમાં દિવંગત થયેલા બકુલ ત્રિપાઠી, કે. કા. શાસ્ત્રી, રમણલાલ જોશી, રમણલાલ સોની જેવા પ્રખર સાહિત્યકારોને શ્રદ્ધાંજલિ અર્પવાનો કાર્યક્રમ યોજાઇ ગયો. કાર્યક્રમનું અધ્યક્ષસ્થાન કેળવણી મંડળના મંત્રીશ્રી ગુરૂચરણભાઇ પટેલે શોભાવ્યું હતું. કોલેજના આચાર્યશ્રી, ગુજરાતી વિભાગના વડાએ પ્રસંગોચિત વક્તવ્યો આપ્યાં હતાં. અંતે પ્રા. અનિલ પટેલે આભાર દર્શન કર્યું હતું.

આ જ કોલેજ ખાતે દેશભક્તિના ગીતોની હરિફાઇનું આયોજન કોલેજના આચાર્યશ્રી ડૉ. વી. એમ. પટેલના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં કુલ ૧૩ વિદ્યાર્થી ભાઇ-બહેનોએ ભાગ લીધો હતો તેમાં વિજેતામાં પ્રથમ સ્થાને રામી નિકેતા (એફ.વાય.બી.બી.એ.), બીજા સ્થાને ઠાકોર પ્રવીણ (એસ.વાય.બી.એ.) તથા ત્રીજા સ્થાને પટેલ રિકેશ (એસ.વાય.બી.એ.) અને સોલંકી તમન્ના (એફ.વાય.બી.એ.) આવ્યા હતા.

નિર્ણાયકો તરીકે ડૉ. મનીષાબેન ભટ્ટ, ડૉ. અનિલાબેન મિશ્રાએ સેવાઓ આપી હતી. આભારવિધિ પ્રો. અમીબેને કરી હતી.

આ જ કોલેજમાં શૈક્ષણિક વર્ષથી આચાર્યશ્રી ડૉ. વી. એમ. પટેલના માર્ગદર્શન હેઠળ કાઉન્સેલીંગ સેલની સ્થાપના કરવામાં આવી છે. આ સેલ અંતર્ગત વર્ગદીઠ તેના અધ્યાપક સલાહકાર તેના નિયત ફોર્મમાં વિદ્યાર્થીની વ્યક્તિગત માહિતી નોંધી પખવાડિક સંપર્ક કરશે અને વિદ્યાર્થીઓના પ્રશ્નો ઉકેલવા પ્રયત્ન કરશે.

આ જ કોલેજના પરમાર અર્પિતકુમાર (એસ.વાય.બી.એ.)ને ગુજરાત એન.એસ.એસ. પરિવાર અને સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટ, સિનોરના કેમ્પમાં ઉપરોક્ત એન.એસ.એસ. કેડરની શિબિર દરમ્યાન ઉત્કૃષ્ટ સામાજિક સેવા કરવા બદલ ચંદ્રક એનાયત કરવામાં આવ્યો છે. અભિનંદન !!!

આ જ કોલેજમાં એફ.વાય.બી.એ.માં અભ્યાસ કરતા પઠાણ અસદખાન સલીમખાને ''પૃથ્વીરાજ ચૌહાણ'' સીરિયલમાં અમરસીંગ પાત્ર સાથે કરાટે ફાઇટર તરીકેની ભૂમિકા ભજવેલ છે. આ એપિસોડનું પ્રસારણ તા. ૨૯-૯-૦૬ અને ૩૦-૯-૦૬ના રોજ થયું હતું.

આ જ કોલેજ ખાતે હિન્દી વિભાગ દ્વારા હિન્દી દિવસની ઉજવણીના ભાગરૂપે નિબંધલેખન સ્પર્ધા, કાવ્ય પઠન સ્પર્ધા, જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. નિબંધના વિષયો હતા. (१) नेता देश के लिये वरदान या अभिशाप (२) युवा और आधुनिक समाज (३) आज की शिक्षा में हिन्दी भाषा का महत्व (४) आतंकवाद। ''હિન્દી દિન'' ઉજવણીનું સંચાલન વિભાગના અધ્યક્ષ અનિલાબેન મિશ્રાએ કર્યું હતું.

### Ganesha and the Computer

Ganesha is a problem solver *(vighnaharata)* and the computer can solve any problem. Ganesha's instrument is the mouse, so is it of the computer. Every Hindu house first installs Ganesha. Every institution and also houses install the computer before undertaking any work. Laxmi is more accessible through Ganpati. Computer knowledge and degrees bring bigger pay packets. Ganesha's big stomach means that he can consume and keep big amounts of food. The computer can store huge amounts of information.

Ganesha says *vasudhaiva kutumbakam* and the computer has brought the world together by its world wide web (www).

(Source : Bhavan's Journal, October 2006)

## Departments in News

### Business Studies Department

P.G. Department of Business Studies (Marketing Group) celebrated Marketing week NIRMAN - Expand Your Abilities, during which different innovative co-curricular activities focusing on practical aspects of various branches of marketing management like advertising, consumer behaviour, marketing research etc were organized. In order to enhance the abilities of marketing students, beyond theory, following events were arranged.

| | |
|---|---|
| 4/9/06 | Soch Apni Apni : Debate Competition |
| 5/9/06 | Marketing Kalakar : Role Play |
| 6/9/06 | Knowledge Takkar : Marketing Quiz |
| 7/9/06 | Socho Magar Hatke : Poster Making |
| 8/9/06 | Vicharo Ki Aap Le : Group Discussion |
| 9/9/06 | Valedictory Function and FUN DAY |

The objectives of the week were successfully achieved under the guidance of head of the Department Dr. D.M. Shah, faculties Dr. R.M. Joshi and Mr. R.M. Rathod.

**Environment Awareness Show**

On 13th September 2006, Vidyanagar Nature Club presented an Environment Awareness show with a view to increasing students' knowledge regarding the environmental problems and their solutions. Managing Director of the club Mr. Dhaval Patel addressed the students and Mr.R.M. Rathod proposed the vote of thanks.

**Inter Department Debate Competition**

Department of Business Studies and JCI - Junior Chamber International, Vallabh Vidynagar jointly organized inter-department debate competition on the topic "Whether Media Make or Break the Society" on 19th September 2006. Two participants from each postgraduate Department of our University were invited to participate and 10 Departments (19 students) participated. Out of which Sajjad Zaidi of MBA Department got first rank, Vishal S. Makadia of Materials Science Department stood second and Deepika Shah of Business Studies Department secured third rank. Dr. Sulbha Natraj, Principal, Way Made College of Education, Mrs. Jyotiben Tiwari - In charge Director of Computer Center, Sardar Patel University and Mr. S.D. Karangia- Supervisor, T V Patel Higher Secondary School were the judges of the competition. Dr. D.M. Shah, Head of Business Studies Department and Mr. Nandkishor Limbasiya, President of JCI - Vallabh Vidyanagar graced the event. Jc Nainesh Patel and Jc R.M. Rathod successfully coordinated the competition.

**Industrial and Institutional Visit**

On 8th September 2006 M. Com Final (HRM group) students visited Berger Lewis at Vithal Udyognagar-GIDC and on 28th September 2006 they visited ELECON, Vallabh Vidyanagar and Vidya Dairy, Anand under the supervision of Dr. M.K. Patel and Mr. R.M. Rathod.

M. Com Final (Marketing group) students visited Mudra Institute of Communication Ahmedabad (MICA) on 25th September 2006 to know the various aspects of Marketing Communication Management and its education under the coordination of Dr. R.M. Joshi and Mr. R.M. Rathod. Mr. KGK Pillai - Registrar of the Institute addressed the students and discussed unique features of MICA and its role in advertising and marketing world.

**Guest Lecture**

On 18th September 2006, guest lecture of Dr. T. D. Tiwari, Director- R. K. Institute of Management, Kasturbadham, Rajkot - was organized at Department on 'Present Scenario of Human Resources Management' for M.Com Previous and Final (HRM and Marketing group) students. Dr. Tiwari narrated the importance of Human Resource in today's era and discussed with example. Rag Amit Mehta, student of M.Com proposed vote of thanks. Lecture was followed by interesting questionare.

## Faculty in News

**પ્રો. મણિલાલ હ. પટેલ,** (અનુસ્નાતક ગુજરાતી વિભાગ)એ ૧૦થી ૩૦ સપ્ટેમ્બર,૨૦૦૬ના ગાળામાં આ પ્રમાણે વિવિધ વ્યાખ્યાનો આપ્યા.

મલાડ (મુંબઇ)ની મહિલા આર્ટ્‌સ કોલેજ આયોજિત 'ભાષા-સાહિત્યનું અધ્યાપન' પરિસંવાદમાં બીજ પ્રવચન આપ્યું. બીજી બેઠકમાં 'સાહિત્યના ઇતિહાસનું અધ્યાપન' વિશે વ્યાખ્યાન આપ્યું. ગુજરાત સાહિત્ય અકાદમીની સહાયથી આયોજિત 'ચરિત્ર નિબંધ' કેન્દ્રિત વાચનપર્વ શિબિરમાં વલસાડની શ્રોફ આર્ટ્‌સ કોલેજમાં પ્રો. મણિલાલ પટેલે 'ભૂંસાતા ગ્રામચિત્રો' સંદર્ભે સર્જક કેફિયત રજૂ કરી અને 'પડસાળ' તથા 'ફળિયું' નિબંધ વિશે વિશેષ ચર્ચા કરી, કૃતિઓનું ભાવાર્થવાહી પઠન કર્યું હતું.

પાવી-જેતપુરની આર્ટ્‌સ કોલેજ ખાતે મણિલાલ હ. પટેલના બે વ્યાખ્યાનો યોજાઇ ગયા. એમ. એ.ના વર્ગમાં એમણે ગ્રંથકારના અભ્યાસ વિશે તથા સમગ્ર કોલેજ પરિવાર સામે 'સાહિત્ય-સમાજ-શિક્ષણ' વિશે વ્યાખ્યાનો આપ્યાં. વસો આર્ટ્‌સ કોલેજમાં એમણે 'સર્જન-ભાવન-વિવેચન' વિશે વ્યાખ્યાન આપ્યું. ભીખાભાઇ આર્ટ્‌સ કોલેજ, આણંદ ખાતે 'ભૂંસાતા ગ્રામચિત્રો' ગ્રંથ સંદર્ભે સર્વાંગીણ સમીક્ષા રજૂ કરતું પ્રવચન આપ્યું. એન. એસ. પટેલ આર્ટ્‌સ કોલેજ, આણંદ ખાતે ડૉ. પટેલે 'આધુનિકતા : પ્રેરક અને પોષક પરિબળો તથા આધુનિકતાવાદી કલા આંદોલનો' વિશે વ્યાખ્યાન આપ્યું હતું.

**પ્રો. નરેશ એલ. વેદ અને પરમ પાઠક** (અનુસ્નાતક ગુજરાતી વિભાગ) સાહિત્ય અકાદમી, નવી દિલ્હી અને 'અક્ષરા'ના ઉપક્રમે વડોદરા ખાતે યોજાયેલા સાહિત્ય અને માનવવિદ્યાશાખાઓ વચ્ચેના આંતરસંબંધો અંગેના રાષ્ટ્રીય પરિસંવાદમાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રો. વેદે 'સાહિત્ય અને સમાજશાસ્ત્ર' અંગેની બેઠકમાં દિલીપ રાણપુરાની 'આંસુભીનો ઉજાશ' નવલકથા અંગે વકતવ્ય આપ્યું હતું. સાહિત્ય અને તત્ત્વજ્ઞાન અંગેની બેઠકમાં પરમ પાઠકે શ્રી અરવિન્દના મહાકાવ્ય સાવિત્રી અનુષંગે સાહિત્ય અને તત્ત્વજ્ઞાનના સંબંધોની ચર્ચા કરી હતી.

**Participation in International Leadership Programme**

**Dr. Mahendra Chotalia** visited 20 Universities, colleges, educational institutions and Federal Department of Education as a member of Indian delegation to the United State of America during September and October 2006.

**Dr. Mahendra Chotalia** was invited by the U.S. Department of States to participate in the programme:International Leadership for Developing Curriculum for Teacher Education. The focus of this programme was ELS (English as a Second Language). Under this programme he visited renowned Universities like University of Merryland, University of Washington, Georgea Tech, State University of San Francisco, Seattle University and many other departments, colleges and high schools. He participated in two workshops, a conference, several round table and a few cultural exchanges. He also observed classes of some well-known professors.

At least four major observations are presented here to share with the academic fraternity on our campus :

1. The English Language Teaching Curriculum in our country is almost at par with that in the U.S.A.
2. The students in the U.S.A. (at the college and University level) are required to read a lot and learn process-skills rather than memorization.
3. The questions in the examinations are mostly application based. They try to test comprehension and problem solving abilities of the students. Because of this classroom teaching is largely learning oriented, where the students carry most of the responsibilities to learn something.
4. Americans are talkative and fun loving people, they keep on learning new things at any age. They are worried about adolescents and health problems.

Dr. Chotalia visited Washington D.C., New York, Atlanta, Seattle, San Francisco, San Jose and many other nearby places.

He was a member of Indian delegation in which only five persons were invited.

## લોકવિજ્ઞાન કેન્દ્ર

સરદાર પટેલ યુનિવર્સિટીના લોક વિજ્ઞાન કેન્દ્ર તથા ભૌતિકશાસ્ત્ર વિભાગના ફિઝીકલ સોસાયટીના સંયુકત ઉપક્રમે તા. ૨૨-૯-૨૦૦૬ના રોજ 'સૂર્યગ્રહણ' વિશે ભૌતિકશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ માટે વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. મુખ્ય વક્તા તરીકે ભૌતિકશાસ્ત્ર વિભાગના ડૉ. બી. વાય. ઠાકોરે સેવા આપી હતી. એમણે સૂર્યગ્રહણ એટલે શું ? તે આકાશી ઘટના કેવી રીતે થાય છે, તથા કેટલા સમયાંતરે થાય છે, ગ્રહણના પ્રકારો, તથા સૂર્યગ્રહણનો પુનરાવર્તન સમય તથા એક વર્ષમાં દેખાતા મહત્તમ ચંદ્રગ્રહણ અને સૂર્યગ્રહણ વગેરે વિશે સમજાવ્યું હતું.

# વલ્લભ વિદ્યાનગરમાં પ્રથમ સ્થપાયેલ મ્યુઝિયમના શરૂઆતના બે દાયકા : એક દૃષ્ટિપાત

વલ્લભ વિદ્યાનગરના સ્થાપકો સ્વ.શ્રી ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલ (ભાઈકાકા) તથા સ્વ.શ્રી ભીખાભાઈ પટેલે ચારુતર વિદ્યમંડળ સંસ્થાના ભાગરૂપે ''કલા અને પુરાતત્ત્વ''નું એક મ્યુઝિયમ વર્ષ ૧૯૪૯માં સ્થાપ્યું. કેટલાક સ્થાપત્યો અને કલાકૃતિઓ આ મ્યુઝિયમના સંગ્રહ માટે પૂ. ભાઈકાકા પોતે લાવેલા. ઉદાહરણ તરીકે, સોજીત્રાના કુંડમાંથી પ્રાપ્ત કરેલી એક પાષાણ પ્રતિમા (તસવીર -૧, પ્લેટ ક્રમાંક 4-A, ''વલ્લભ વિદ્યાનગર સંશોધન પત્રિકા, પુસ્તક -૧, અંક ર, ચારુતર વિદ્યામંડળઃ સંપાદક અમૃત પંડ્યા'') તેમણે સ્વ. શ્રી અમૃત વસંત પંડ્યાની ક્યુરેટર તરીકે નિમણૂંક કરી, જેઓનો કાર્યકાળ આ મ્યુઝિયમ સરદાર પટેલ યુનિવર્સિટીને હસ્તક લેવાયું ત્યારબાદ પણ ચાલુ રહ્યો. તેઓશ્રીએ ગુજરાત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં ક્ષેત્રકાર્ય કરી સંગ્રહમાં નોંધપાત્ર ઉમેરો કર્યો. મ્યુઝિયમના આરંભકાળમાં જ ''યુનિવર્સિટી ઑફ બોમ્બે''માં સમાજશાસ્ત્રના રીડર સ્વ. નશીરવાન એ. થૂથીને દક્ષિણ-પૂર્વ એશિયામાં એકત્રિત કરેલ ૨૬૦૦ જેટલી ધાતુ-પ્રતિમાઓ તથા અન્ય વિરલ કલાકૃતિઓ આ મ્યુઝિયમને ભેટમાં આપી. આ થૂથીના સંગ્રહનો ઉલ્લેખ આંતર-રાષ્ટ્રીય કક્ષાએ પ્રસિદ્ધ થયેલ કેટલીક મહત્વની મ્યુઝિયમની માર્ગદર્શિકાઓમાં પણ થયો છે.

આણંદ અને ખેડા-ઉભય જિલ્લાઓના ઘણા સ્થળો જેવાં કે સોજીત્રા, ગંભીરા, બોરસદ, મહેળાવ ઇત્યાદિમાંથી ક્ષેત્રકાર્ય કરી મ્યુઝિયમના પ્રથમ બે દાયકા દરમ્યાન નોંધપાત્ર શિલ્પો અને અન્ય કલાકૃતિઓ, પ્રાગ-ઐતિહાસિક ઓજારો, ઇંટો એકત્રિત કરી પ્રદર્શિત કરી હતી, જેમાંની કેટલીક અતિ મહત્વની કૃતિઓ હાલ પણ કાયમી પ્રદર્શનમાં સ્થાન પામી છે. તે સમયગાળા દરમ્યાન મ્યુઝિયમનું સરેરાશ વાર્ષિક બજેટ રૂા. ૧૦,૦૦૦/- હતું. શરૂઆતમાં મ્યુઝિયમ માટે હંગામી ધોરણે બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય અને ત્યારબાદ બી.જે. કોલેજ ઑફ કોમર્સના મકાન માટે જગ્યા ફાળવાઇ હતી. આ મ્યુઝિયમ ''મ્યુઝિયમ્સ એસોસિએશન ઑફ ઇન્ડિયા''નું સંસ્થાકીય સભ્યપદ ધરાવતું હતું અને આજે પણ ધરાવે છે. આ મ્યુઝિયમના પ્રથમ ક્યુરેટર સ્વ. શ્રી અમૃત પંડ્યા ૧૯૫૭-૫૮ દરમ્યાન ''વલ્લભ વિદ્યાનગર સંશોધન પત્રિકા''ના સંપાદક પણ હતા. આપણી યુનિવર્સિટીની સિન્ડિકેટે ચારુતર વિદ્યામંડળની વિનંતી ગ્રાહ્ય રાખી વર્ષ ૧૯૬૦માં આ મ્યુઝિયમ યુનિવર્સિટીને હસ્તક લેવાનો નિર્ણય કર્યો તે અંગેના ઠરાવમાં પણ આ સંશોધન-પત્રિકાની નોંધપાત્ર સિદ્ધિઓનો ઉલ્લેખ થયો છે. ખનિજો, ખડકો અને અશ્મિભૂત અવશેષો પણ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. ભારતીય ઇતિહાસ કોંગ્રેસનું ૨૦મું અધિવેશન ૧૯૫૭માં વલ્લભ વિદ્યાનગરના આંગણે યોજાયું હતું. આ મ્યુઝિયમ તરફથી ગુજરાતની કલા, પુરાતત્ત્વ અને ઇતિહાસની ઝાંખી કરાવતું એક પ્રદર્શન અધિવેશનમાં આવેલા ડેલીગેટો માટે ખાસ યોજાયું હતું અને તે પ્રદર્શનનું કેટલોગ પણ પ્રસિદ્ધ થયું હતું. પુરાતત્ત્વના ક્ષેત્રે પ્રસિદ્ધ કેટલાંક વિદ્વાનો, જેવાં કે આંતર-રાષ્ટ્રીય ખ્યાતિ પામેલા સ્વ. ડૉ. એચ.ડી. સાંકળીયાએ પણ આ મ્યુઝિયમની કેટલીકવાર મુલાકાત લઇ ઉપયોગી માર્ગદર્શન આપેલું. પુરાતત્ત્વ અને ઇતિહાસ ઉપરાંત આ મ્યુઝિયમના પ્રથમ બે દાયકામાં નૃવંશવિદ્યા (Anthropology) સંબંધિત પ્રદર્શનો પણ મ્યુઝિયમમાં યોજાયા હતા, તેટલું જ નહિ, ભારતીય વિજ્ઞાન પરિષદ (Indian Science Congress)ના કોલકાતા ખાતે મળેલ ૪૪માં અધિવેશનમાં મ્યુઝિયમના ક્યુરેટર સ્વ. અમૃત પંડ્યા Anthropology અને Archaeology Sectionની કાર્યવાહક સમિતિમાં સભ્ય તરીકે સર્વાનુમતે ચૂંટાઇ આવેલા. તેઓશ્રી ગુજરાત રાજ્યના પુરાતત્ત્વ ખાતાની કેટલીક સમિતિઓમાં પણ વરણી પામ્યા હતા. આમ આવા એક ખંતીલા સુકાનીની અથાગ મહેનતથી મ્યુઝિયમે તેના પ્રથમ બે દાયકાઓ દરમ્યાન નોંધપાત્ર વિકાસ કર્યો.

- **નંદન શાસ્ત્રી** (ક્યુરેટર)
અને **એ. એ. સૈયદ** (મદદનીશ ક્યુરેટર)



ટાલ્ક-સર્પેન્ટાઇન ખડક પર કંડારેલી મૂર્તિનું કલાત્મક મસ્તક (સમયઃ ઇ.સ. આરંભકાળ), જે પૂ. ભાઈકાકાએ સોજીત્રાના એક કુંડમાંથી મેળવી મ્યુઝિયમને ભેટ આપ્યું હતું.

## Why do we Fast ?

Most devout Indians fast regularly or on special occasions like festivals. On such days they do not eat at all, eat once or make do with fruits or a special diet of simple food.

Fasting in Sanskrit is called *upvaas*. *Up* means "near"+ *vaas* means "to stay", *Upvaas* therefore means staying near (the Lord), meaning the attainment of close mental proximity with the Lord. Then what has *upvaas* to do with food ?

A lot of our time and energy is spent in getting food items, preparing, cooking, eating and digesting food. Certain food types make our minds dull and agitated.

Hence on certain days man decides to save time and conserve his energy by eating either simple, light food or totally abstaining from eating so that his mind becomes alert and pure. The mind, otherwise pre-occupied by the thought of food, now entertains noble thoughts and stays with the Lord. Since it is a self-imposed form of discipline, it is usually adhered to with joy.

Also every system needs a break and an overhaul to work at its best. Rest and a change of diet during fasting is very good for the digestive system and the entire body.

The more you indulge the senses, the more they make their demands. Fasting helps us to cultivate control over our senses, sublimate our desires and guide our minds to be poised and at peace.

Fasting should not make us weak, irritable or create an urge to indulge later. This happens when there is not noble goal behind fasting.

The Bhagavad-Gita urges us to eat appropriately-neither too less nor too much-*yukt-aahaar* and to eat simple, pure and healthy food (a *saatvik* diet) even when not fasting.

(Source : Internet)

## Subscribe Today

| **Annual** | **Life** |
|---|---|
| Students : Rs.10.00 | Faculty & Staff : Rs.200.00 |
| Others : Rs.15.00 | Institutions & Individuals : Rs.500.00 |
| Institutions : Rs.100.00 | |

**Lifetime Subscription in Foreign Exchange:**

US $ 100.00 € 75.00 £ 75.00

**Contact:** Publication Division, Bhaikaka Library Vallabh Vidyanagar 388 120

## Contribute Today

*Sheel Shrutam* welcomes readers' contributions in the form of news, views, ideas and information for publication. **Please send your contributions before 1st week of every month to Param Pathak, Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120. Email: sheelshrutam@spu.ernet.in**

Registered with the Registrar of Newspaper for India. Under No. G/AND-73 (B) Superscription PERIODICALS (S)

O. I. G. S. Book Post (Printed Matter)

If undelivered please return to :

The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120 Gujarat India

*Sheel Shrutam :* A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
**Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar**
Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.